જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૩૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૧૯૬	૪૨	૭૫૨૩૮	૭૬૩૦૯	૪૨	૭૬૩૫૧
કુલ		૯૧૭૯૨	૪૨	૯૧૮૩૪	૧૦૦૮૩૬	૪૨	૧૦૦૮૭૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭	૬,૩૮,૫૮૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯૨	૨,૯૨,૦૦૦/-

નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

પ્રોહિબીશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ગુન્હાઓ કામે નાસતા - ફરતા આરોપી શોધી કાઢવા અંગેની સુચના કરેલ હોય. જે અન્વયે ડી.વી.તડવી સિનિ.પોલીસ ઇન્સપેક્ટર સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.પી.ગરાસીયા તથા અ.હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ તથા પો.કો. ગોપાલભાઈ શીવાભાઈ બ.નં. ૯૧૬૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન સાથેના અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સંતરામપુર પોલીસ સ્ટેશન સી.પાર્ટ.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦૭૨૧૧૦૯૬/૨૦૨૧ ધી પ્રોહિ.કલમ- ૬૫ એ,ઈ, ૮૩ , ૯૮(૨), ૧૧૬ (બી) મુજબના ગુનામાં નાસતા – ફરતા આરોપી મોહમદ શાહરુખ મહેમુદભાઇ શેખ ઉ.વ.૨૭ રહે : મ.નં. આઇ/૬ ન્યુ શાહઆલમ રો હાઉસ અલ મહમદી મસ્જિદની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાનીને પકડી લઈ પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પાસા અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા નાઓ દ્વારા, દાખલ થયેલ શરીર સબંધી ગુના (૧) સાબરમતી પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં-૧૭૬/૧૯ ધી ઇપીકો. કલમ ૩૨૩ ૩૨૪, ૩૨૫ ૨૯૪(ખ) ૫૦૬ ૧૪૩ ૧૪૭ ૧૪૮ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૧૧૩૧૩/૨૦૨૧ ધી ઇપીકો. કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૪૨, ૧૪૩, ૧૪૮, ૧૪૯ મુજબના કામે પકડાયેલ આરોપી કાર્તીક શાંતીલાલ પટેલ ઉં.વ.૨૧ રહે:૮૬, ભાવના સોસાયટી, સુર્યાઅમી ફ્લેટ ની સામે ,જી.એસ.ટી બ્રીજ ની બાજુમા રાણીપ, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૮૨૭/૨૦૨૧ તા.૨૪/૧૨/૨૦૨૧ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૨૪/૧૨/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા ભુજ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧
(૨) અ.લો.ર.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬



ઓઢવ પોલીસ સ્ટેશન (૧)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :- નિસર્ગ ઉર્ફે ભગો સન/ઓફ જગદીશભાઇ જાતે દરજી ઉ વ ૨૧ રહેવાસી મ નં સી/૭૫૨ મુની સુવ્રત સ્વામી સોસાયાટી વિભાગ ૨ આદીનાથનગર ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ ઢસા તા. જીલ્લો અમરેલી

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ૨ નં સી/ ૧૧૧૯૧૦૩૭૨૧૦૫૭૭/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૨), (બી), ૬૫(એ,ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ

(૨) ઓઢવ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ૨ નં સી/ ૧૧૧૯૧૦૩૭૨૧૧૧૯૯/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૨), (બી), ૬૫(એ,ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ

(૩) ઓઢવ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ ૨ નં સી/ ૧૧૧૯૧૦૩૭૨૧૧૨૫૦/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૨), (બી), ૬૫(એ,ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૮૧૯/૨૦૨૧ તા. ૨૪/૧૨/૨૦૨૧ તથા બજવણી તા. ૨૪/૧૨/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા એ.એસ.આઇ. જીવાભાઇ થાવરાજી બ.નં-૭૭૧૫ તથા અ.પો.કો. જીતેન્દ્રકુમાર અભેરાજભાઇ બ.નં.૪૬૮૮ તથા અ.પો.કો. સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં.૧૨૦૬૪



ઓઢવ પોલીસ સ્ટેશન (૨)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર જે બી અગ્રાવત નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પાલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :- ગોપાલ ઉર્ફે કિશન ઉર્ફે સ્ટેપડી સ/ઓફ જગદિશભાઈ ગુપ્તા ઉ. વ. ૨૦, રહેવાસી : મ.નં.૩૫૫, બ્લોક નં.૨, પંચરત્ન ઔડાના મકાન રિલાયન્સ પંપની પાસે, વસ્ત્રાલ, અમદાવાદ શહેર મુળવતન ગામ-માનપુરા, જસમદનગર, ઉલ્લાસીનગર, ઇટાવા, ઉત્તરપ્રદેશ

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. એ-/૧૧૧૯૧૦૨૪૨૧૦૦૪૯/ ૨૦૨૧ ધી ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪ તથા જીપી એક્ટ ૧૩૫(૧) મુજબ

(૨) ઓઢવ પો.સ્ટે.ગુ.ર.નં- એ/૧૧૧૯૧૦૩૭૨૧૧૪૪૩/૨૦૨૧ ઈ.પી. કો કલમ : ૩૦૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧)

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૮૨૫/૨૦૨૧ તા. ૨૪/૧૨/૨૦૨૧ તથા બજવણી તા. ૨૪/૧૨/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- ભુજ પાલારા જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી એસ વી પટેલ તથા એ એસ આઇ જીવાભાઇ થાવરાજી બ.નં- ૭૭૧૫ તથા અ પો કો જીતેન્દ્રકુમાર અભેરાજભાઇ બ.નં. ૪૬૮૮ તથા અ પો કો સહદેવસિંહ દિપસંગભાઇ બ.નં. ૧૨૦૬૪



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૪૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૧૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૮ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૪૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૪૨/૨૦૨૧**

નવરંગપુરાઃ મોહમદ યુસુફ આમીનભાઈ મોદન (ઉ.વ.૨૧) (રહે.મોઢની વાડીની બાજુમાં સુંદરકુવા રોડ ધંધુકા જી.અમદાવાદ) એ તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૧ ના રોજ એન.એસ.યુ.માં કામ કરતા નારાયણ ભરવાડ (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) એ મોહમદયુસુફ મોદનને નવરંગપુરા લો ગાર્ડન ખાતે આવેલ જી.એલ.એસ.કોલેજનાં બી.બી.એ.કોલેજમાં પહેલા વર્ષમાં એડમીશન અપાવવાની લાલચ આપી મોહમદયુસુફ મોદન પાસેથી રૂપિયા ૮૫,૦૦૦/- મેળવી લઈ કોલેજમાં એડમીશન નહી અપાવી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવી છે.

કૃષ્ણનગરઃ નિલેશભાઇ સવજીભાઇ પીપલીયા (ઉ.વ.૩૭) (રહે. વિષ્ણુનગર સોસાયટી વેડ રોડ સુરત) એ તા.૨૪/૧૨/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિલેશભાઈ પીપલીયા વકીલાત કરતા હોઈ તા.૦૯/૦૧/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ભરતભાઇ બાલુભાઇ પટેલ (રહે. વાસુદેવપાર્ક સોસાયટી નરોડા) (૨) ચેતનભાઈ ગોપાલજી દેસાઈ (રહે. આરાધના રો-હાઉસ ઓલપાડ સુરત હાલ રહે. સર્કીટ હાઉસ પાછળ સુરત) (૩) સાસ્વત ભરતભાઇ પટેલ (રહે. વાસુદેવપાર્ક સોસાયટી નરોડા) (૪) હેમંત હિતેશભાઇ જોષી અને (૫) સાગર હિતેષભાઇ જોષી એ ભેગા મળી સરકારી અધીકારી ન હોવા છતા એન્ફોર્સમેંટ ડિપાર્ટમેંટ ઓફ ઇન્ડિયાના ખોટા ડોક્યુમેન્ટ બતાવી વિશ્વાસમાં લઇ તેઓને બેન્કમાંથી લોન લીધેલ હોઈ જે લોન ભરપાઈ નહી થતા ટેક્સ ભરવાનો હોવાથી પૈસાની મદદ માંગી જણાવેલ કે મીલકત સિલ કરાવતા જે વળતર મળશે તેમાંથી નિલેશભાઈ પીપલીયાને મદદ કરેલ નાણા પરત આપવાનુ જણાવી નિલેશભાઈ પીપલીયા પાસેથી અલગ-અલગ તારીખે રૂપિયા ૩,૪૭,૪૦,૦૦૦/- મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૩૪૩/૨૦૨૧**

ચાંદખેડાઃ રેણૂબહેન વા/ઓ ચંદ્રશેખર મિશ્રા (ઉ.વ.૫૦) (રહે. પાર્ક એવન્યુ સોના સ્વીટ બંગલોઝ સામે ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) તા.૨૩/૧૨/૨૦૨૧ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ સી.જી.રોડ સોના ક્રોસ રોડ પ્લાનેટ હેલ્થ ચાર રસ્તા નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેણૂબહેન મિશ્રાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેણૂબહેન મિશ્રાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૩૪૪/૨૦૨૧**

સાબરમતીઃ અમરતભાઇ પચાણભાઇ પરમાર (રહે. સતકેવલનગર ગાંધીવાસ-૨ સાબરમતી) એ તા.૨૩/૧૨/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગે જનપથ હોટલ સામે HP પેટ્રોલપંપ નજીક પોતાની મારુતિ સુઝુકી કંપનીની ઇકો ગાડી નંબર જીજે ૦૧ કેઝેડ ૯૫૧૨ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૧૨/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અમરતભાઈ પરમારે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.પંડ્યા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૩૪૫/૨૦૨૧**

પાલડીઃ મિતેષ સ/ઓ લાલજીભાઈ વખારિયા (ઉ.વ.૫૧) (રહે. વાત્સલ્ય ફ્લેટ ન્યુ શારદા મંદીર રોડ સુખીપુરા પાલડી) એ બિમારીથી કંટાળી તા.૨૪/૧૨/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર દિનેશભાઈ ચલાવે છે.

મેઘાણીનગરઃ ભરતભાઇ રૂપાજી યાદવ (ઉ.વ.૨૫) (રહે. ડૉ.ગાંધીની ચાલી ગુલબર્ગ સોસાયટી પાસે ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણભાઇ અભાભાઇ ચલાવે છે.

નરોડાઃ (૧) ચિરાગ શશીકાંતભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. કુદરત હાઈટ્સ નવયુગ કેનાલની બાજુમાં નરોડા) એ બિમારીથી કંટાળી તા.૨૩/૧૨/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

નરોડાઃ (૨) સંગીતાબહેન વા/ઓ મહેશસિંગ ચૌધરી (ઉ.વ.૩૪) (રહે. શાંતિનગર રાધે કિશન બંગ્લોઝ સામે નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૧ સાંજના ૫/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.